# ગુજરાતી વ્યાકરણ

# વિશે થોડુંક ......

# નામ / વસ્તુની સંજ્ઞારૂપ શબ્દ (Noun)

**૧. જાતિવાચક નામ (Common Noun)** – સમસ્ત જાતિને લાગુ પડતા નામને જાતિવાચક નામ કહેવાય.
દા.ત. માણસ, છોકરી , કબાટ, ચોપડી વગેરે.

**૨. વ્યક્તિવાચક નામ (Proper Noun)** - કોઈ ચોક્કસ વ્યક્તિ કે વસ્તુનો નિર્દેશ કરતા શબ્દને વ્યક્તિવાચક નામ કહેવાય.
દા.ત. ગંગા , લંડન , લેસ્ટર , થેમ્સ , ભારત , કમળ , મોહન વગેરે.

**૩. પદાર્થ / દ્રવ્યવાચક (Concrete Noun)** – પદાર્થ અથવા દ્રવ્યનું નામ જાવતા પદને પદાર્થવાચક કે દ્રવ્યવાચક નામ કહેવાય.
દા.ત. તેલ, ઘી, પેટ્રોલ , કઠોળ , સોનું , ઊન વગેરે.

**૪. ભાવવાચક નામ (Abstract Noun)** – મનથી જ સમજી શકાય એવા તથા ઈન્દ્રિયોના ગુણોને સૂચવતા વિશેષણમાંથી બનાવેલું નામ ભાવવાચક નામ કહેવાય.
દા.ત. આનંદ , ડર , ગુસ્સો, સેવા, સુંદરતા વગેરે.

**૫. સમૂહવાચક નામ (Collective Noun)** – સમૂહ કે જથ્થો બતાવતા શબ્દને સમૂહવાચક નામ કહેવાય.
દા.ત. પરિવાર, સૈન્ય, જૂથ, ટોળું, સંઘ, મંડળ વગેરે

# સર્વનામ (Pronoun)

નામને બદલે જે પદ વપરાય તેને સર્વનામ કહેવામાં આવે છે.

દા.ત. માલવ પરીક્ષામાં પ્રથમ આવ્યો. તે ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ જવાનો છે.

આ વાક્યમાં "તે" પદ સર્વનામ છે.

સર્વનામના પ્રકારો નીચે મુજબ છે.

૧. પૂરુષવાચક સર્વનામ (Personal Pronoun)
૨. સ્વવાચક સર્વનામ (Reflexive / emphatic Pronoun)
૩. દર્શકવાચક / નિશ્ચિત સર્વનામ (Definite / Demonstrative Pronoun)
૪. અનિશ્ચિત સર્વનામ (Indefinite Pronoun )
૫. સાપેક્ષ સર્વનામ (Relative Pronoun)
૬. પ્રશ્નાર્થક સર્વનામ(Interrogative Pronoun)

## *૧. પુરુષવાચક સર્વનામ (Personal Pronoun)*

પહેલો પુરુષ સર્વનામ **(First Person Pronoun)**: બોલનારને પોતાને માટે વપરાતા પદ.

એકવચન - હું, મને, મેં, મારે, મારાથી, મારો, મારી, મારું, મારા, મારામાં

બહુવચન – અમે – **Exclusive form of "We"** / આપણે **Inclusive form of "We".**
અમને, આપણને, અમારાથી, આપણાથી, અમારો, અમારી, અમારું, અમારા, આપણો, આપણી, આપણું, આપણાં, અમારામાં, આપણામાં

બીજો પુરુષ સર્વનામ **(Second Person Pronoun):** સાંભળનાર માટે વપરાતાં પદ.

તું, તમે

સન્માનદર્શક **(Honorific)** "આપ" બીજા પુરુષ એકવચનમાં વપરાય છે.

દા.ત.આપ, આપને, આપનું, આપનો, આપની, આપના, આપનામાં, આપનાથી

ત્રીજો પુરુષ સર્વનામ **(Third Person Pronoun)**: બોલનાર અને સાંભળનાર સિવાયની ત્રીજી વ્યક્તિ માટે વપરાતા પદ - તે, તેઓ, તેમનું, તેમની, તેમનાં, તેમનાથી, તેમનામાં

## *૨. સ્વવાચક સર્વનામ* *(Reflexive / Emphatic Pronoun)*

જે સર્વનામ પુરુષવાચક સર્વનામને ભારપૂર્વક રજૂ કરે તે સ્વવાચક સર્વનામ કહેવાય છે.
દા.ત. SELF - પોતે / જાતે / ખુદ / સ્વયં / પંડે

| એકવચન | બહુવચન |
|---|---|
| હું પોતે / હું જાતે / મારા પોતાથી / મારો પોતાનો / મારા પોતાના - (First person) | અમે પોતે /જાતે/ અમારી જાતે<br>આપણે પોતે / આપણે જાતે / આપણી જાતે |
| તું પોતે / તું જાતે / તારા પોતાથી / તારો પોતાનો - (Second Person) | તમે પોતે / તમે જાતે / તમારી જાતે |
| તે પોતે / તે જાતે / તેના પોતાથી / તેના પોતાના (Third Person) | તેઓ પોતે / તેઓ જાતે / તેમની જાતે / તેમણે પંડે |

## *3. દર્શકવાચક/નિશ્ચિત સર્વનામ* *(Definite / Demonstrative Pronoun)*

<u>જે સર્વનામ વ્યક્તિ કે વસ્તુને બતાવે તે દર્શક સર્વનામ કહેવાય છે</u>.
દા.ત. આ, તે, પેલો, પેલું, પેલી બગેરે.

## *૪. અનિશ્ચિત સર્વનામ* *(Indefinite Pronoun)*

જે સર્વનામ વ્યક્તિ કે વસ્તુને <u>ન </u>બતાવે તેને અનિશ્ચિત સર્વનામ કહેવાય છે.
દા.ત. કોઈક , કોઈ, અમુક, કેટલાંક, શું, કોણ વગેરે

## *૫. સાપેક્ષ સર્વનામ* *(Relative Pronoun)*

જે સર્વનામોનાં જોડકાં / યુગ્મો પરસ્પર સંબંધ ધરાવે છે તેને સાપેક્ષ/સંબંધક સર્વનામ કહેવામાં આવે છે. દા.ત. જે.....તે, જેવડું.......તેવડું , જેટલું...........તેટલું

## *૬. પ્રશ્નાર્થક સર્વનામ* *(Interrogative Pronoun)*

આ સર્વનામ પ્રશ્ન પૂછવા માટે વપરાય છે. દા.ત. કોણ , શું , કઈ વગેરે

# <u>ક્રિયાપદ (Verb)</u>

**જે શબ્દ અથવા નાનકડો શબ્દસમૂહ જે કોઈ ક્રિયા, સ્થિતિ અથવા અનુભવને દર્શાવે તેને ક્રિયાપદ કહેવાય. (A word or phrase that describes an action, condition, or experience)**

ક્રિયાપદનું સામાન્ય રૂપ / મૂળ (**Infinitives – the basic form of a verb) -** દા.ત. નાચ , જમ, વાંચ, રમ, લડ વગેરે.

**જે પદ શબ્દનામની જાતિ (gender) / વચન (singular /plural) , પુરુષ (first/second/third person), જાતિ (gender), વિભક્તિ (case) પ્રમાણે રૂપ બદલે તેને વિકારી ક્રિયાપદ (Variable verb) કહેવામાં આવે છે.**
**દા.ત. દોડતી ઘોડી, ખાતો કૂતરો, રમતું છોકરું. / તેણી જમતી હતી. (sing) / મહેમાનો જમે છે. (plu)વગેરે.**

વિભક્તિ(**case**) અને કાળ(**tense**) અનુસાર ક્રિયાપદના મૂળ રૂપનો ઉપયોગ થાય છે.

**અવિકારી ક્રિયાપદ (Invariable verbs):**

**જે પદ / શબ્દ નામ અથવા સર્વનામની જાતિ (gender) / વચન (singular /plural) પ્રમાણે રૂપ <u>ન</u> બદલે તેને અવિકારી ક્રિયાપદ કહેવામાં આવે છે. દા.ત. દોડતી ઘોડી, ખાતો કૂતરો, રમતું છોકરું.**
**તેણી જમતી હતી. (sing)**
**મહેમાનો જમે છે. (plu)વગેરે.**

## <u>સહાયક / ગૌણ ક્રિયાપદ (Auxiliary Verb)</u>

**Auxiliary verbs “To be” of:** “હોવું” નું મૂળરૂપ

## <u>કાળ - Tenses</u>

**વર્તમાનકાળ – Present Tense**

| <u>પુરુષ</u> | <u>એકવચન</u> | <u>બહુવચન</u> |
|---|---|---|
| પહેલો | હું..........છું. | અમે ............છીએ. |
| બીજો | તું................. છે.<br>તમે/આપ.................છો. (માનવાચક ) | તમે.................છો. |
| ત્રીજો | તે/તેણી.........છે. | તેઓ.............છે. |

ભૂતકાળ – **Past Tense**

| <u>પુરુષ</u> | <u>એકવચન</u> | <u>બહુવચન</u> |
|---|---|---|
| પહેલો | હું..........હતો. | અમે ............હતાં.<br>આપણે..................હતાં. |
| બીજો | તું..................હતો.<br>તમે/આપ.............હતા. | તમે..................હતાં. |
| ત્રીજો | તે..........હતો / હતી / હતું. | તેઓ.............હતાં. |

ભવિષ્યકાળ – **Future Tense**

| <u>પુરુષ</u> | <u>એકવચન</u> | <u>બહુવચન</u> |
|---|---|---|
| પહેલો | હું..........હોઈ. | અમે ............હોઈશું.<br>આપણે..................હતાં. |
| બીજો | તું..................હોઈશ.<br>તમે/આપ.............હશો. | તમે..................હશો. |
| ત્રીજો | તે..........હશો | તેઓ.............હશે.. |

નોંધ: અમે **(We – Exclusive)** આપણે **(We – Inclusive)**

સાદો કાળ - **Simple / Imperfect Tense**

ચાલુ કાળ - **Continuous / Progressive Tense**

પૂર્ણ કાળ - **Perfect Tense**

| | વર્તમાનકાળ | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|
| સાદો કાળ | હું..........વાંચું છું | મેં ગઈ કાલે એક પુસ્તક વાંચ્યું. | હું..........વાંચીશ. |
| ચાલુ કાળ | હું અત્યારે.............વાંચી રહ્યો /રહી છું. | ગઈ કાલે આ સમયે હું એક પુસ્તક વાંચી રહ્યો / રહી હતો. | આ સમયે હું આવતી કાલે .............વાંચતો /વાંચતી હોઈશ. |
| પૂર્ણ કાળ | મેં હમણાં જ ..............વાંચી છે / વાંચવી પૂરી કરી છે. | મેં ગઈ કાલે એક પુસ્તક વાંચ્યું હતું | મેં આવતી કાલે આ સમયે .........વાંચી (નાખી ) હશે. |

# <u>ક્રિયાવિશેષણ (Adverbs)</u>

**ક્રિયાવિશેષણ <u>(Adverbs)</u> એટલે એવો શબ્દ કે શબ્દસમૂહ કે જે ક્રિયાપદના (Verb) અર્થમાં વધારો કરે છે.**

ક્રિયાવિશેષણના દસ પ્રકાર પડે છે.

<u>૧. સમયવાચક – **Time :**</u> દા.ત. હવે, સદા, નિરંતર, આજ, કાલ , અત્યારે, હમણાં, હમેશાં / હંમેશાં, વારંવાર , આવારનવાર, કદી વગેરે

<u>૨. સ્થળવાચક-**Place:**</u> દા.ત. અહીં , તહીં , અંદર , બહાર, ઉપર, નીચે, અધવચ, ઉગમણા, આથમણા, ત્યાંથી, ત્યાં, નજીક વગેરે.

<u>૩. રીતિવાચક – **Manner:**</u> દા.ત. જેમતેમ, ગુપચુપ, ફટાફટ, તરતોતરત, જલદી, આમતેમ, ધીમેધીમે, એકદમ , ઝડપથી વગેરે

<u>૪. પ્રમાણવાચક / માપવાચક – **Quantitative / degree**</u> **:** દા.ત. જરા, જરાક, લગાર, બસ, અતિશય, ખૂબ, બહુ, થોડું, અત્યંત વગેરે.

<u>૫. નિશ્ચયવાચક-**Certainty**</u>**:** દા.ત. ખરેખર, અવશ્ય, નક્કી, જરૂર, અવશ્ય, નિઃશંક, ચોક્કસ વગેરે.

<u>૬. સ્વીકારવાચક- **Affirmation**</u>**:** દા.ત. ભલે , વારું, હા, ઠીક , સારું વગેરે.

<u>૭. નકારવાચક- **Negation**</u>**:** દા.ત. નહીં / નહિ, ના , ન , મા, વગેરે

<u>૮. કારણવાચક / હેતુવાચક – **Reason**</u> **:** દા.ત. કેમ , શા માટે , શા વાસ્તે વગેરે.

<u>૯. સંભાવનાવાચક – **Probability**</u>**:** દા.ત. રખે, શકે, કદાચ વગેરે

<u>૧૦. ક્રમવાચક – **Order**</u>**:** દા.ત. પહેલાં, પછી, આગળ, પાછળ, અગાઉ વગેરે.

# વિશેષણ (Adjective)

<u>વિશેષણ (**Adjective**): </u>જે શબ્દ/પદ નામ કે સર્વનામને વર્ણવે અથવા તેના અર્થમાં વધારો કરે તેને વિશેષણ કહેવાય.

<u>વિશેષ્ય (**substantive noun (qualified by adjective).**:</u> વિશેષણ તરીકે વપરાયેલો શબ્દ જે નામના(**noun**) / સર્વનામના (**pronoun**) અર્થમાં વધારો કરે તેને <u>વિશેષ્ય</u> કહેવાય.

દા.ત. અમે પ્રસિધ્ધ મંદિર જોયું. **We saw a famous temple.**
વિશેષણ - પ્રસિધ્ધ (**famous**)
વિશેષ્ય – મંદિર (**temple**)

વિકારી વિશેષણ (**Variable Adjectives**):
કેટલાંક વિશેષણો પોતાના વિશેષ્યનાં જાતિ (**gender**) / વચન (**singular /plural**) પ્રમાણે રૂપ બદલે તેને વિકારી વિશેષણ કહેવામાં આવે છે. દા.ત. નાનો, નાની , કાળો , કાળી વગેરે - નાની છોકરી / કાળો ઘોડો

અવિકારી વિશેષણ (**Invariable Adjective**):
કેટલાંક વિશેષણો પોતાના વિશેષ્યનાં જાતિ / વચન પ્રમાણે રૂપ બદલતાં નથી, પણ પોતાના મૂળરૂપમાં જ વપરાય છે તેને અવિકારી વિશેષણ કહેવામાં આવે છે. દા.ત. સરસ, સુંદર , લાલ, સફેદ વગેરે.

## વિશેષણના પ્રકારો:

| | |
|---|---|
| ગુણવાચક (**Qualitative**) | કોમળ , ખરાબ, ખારું , હોંશિયાર, સરસ, ખરાબ વગેરે. |
| સંખ્યાવાચક (**Numerical**) | પહેલું, અડધું , બે, ચૌદ, પા, પોણા ત્રણ વગેરે. |
| પ્રમાણવાચક (**Quantity**) | એવડું, ઘણું , મોટું , બહુ, જેટલું, કેટલું વગેરે |
| દર્શક (**Demonstrative**) | તે, પેલું, આ, પેલો વગેરે |
| પ્રશ્નવાચક (**Interrogative**) | શી કઈ, શું, ક્યું, ક્યા વગેરે |
| સાપેક્ષ (**Relative**) | જેવું – તેવું , જે-તે |
| કૃદંત (**Participle**) | વાંચતું, વાંચેલું , ઊડતું વગેરે.<br>દા.ત. તેણે <u>ઊડતું</u> પંખી જોયું. (ઊડ)<br><u>વાંચેલું </u>યાદ રાખો. (વાંચ) |

# વાક્યરચના (Sentence)

સામાન્ય રીતે વાક્યમાં કર્તા **(doer - subject of a verb)**, કર્મ ( **act / function - object of the verb)** તથા ક્રિયાપદનો **(verb)** સમાવેશ તેના ઉપયોગને આધારે થાય છે.

**સાદું વાક્ય (Simple Sentence):**
એક ક્રિયાપદવાળું વાક્ય. દા.ત. આપ બોલતા નથી.

**સંયુક્ત વાક્ય (Joint sentence) :**
બે પૂર્ણ વાક્યો સંયોજકો **(conjuncts)** દ્વારા જોડાયેલા હોય અને બંને વાક્યો એકબીજાથી સ્વતંત્ર રીતે ટકી શકે તેવાં હોય. દા.ત. ને , અને, તથા, પણ, છતાં, નહીંતર, તેમ છતાં, કે, અથવા , તેથી, કેમ કે વગેરે.

**મિશ્ર વાક્ય (Mixed/ Combined Sentence):**
જોડાયેલાં બે વાક્યોમાંથી એક વાક્ય મુખ્ય વાક્ય હોય અને બીજું વાક્ય ગૌણ વાક્ય હોય. એ બીજું વાક્ય મુખ્ય વાક્યનું વિશેષણ વાક્ય / ક્રિયાવિશેષણ વાક્ય / કર્મ વાક્ય હોય. દા.ત. કે, જે............તે, જેવું............તેવું, જ્યારે................ત્યારે, જ્યાં...............ત્યાં, જો...........તો.
જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.

## વાક્યના પ્રકારો:

| | |
|---|---|
| હકારાત્મક / વિધિ-વાક્ય **(Affirmative)**: | દા.ત. સંતનું કહેવું સાચું પડશે. |
| નકારાત્મક / નિષેધ-વાક્ય **(Negative)**: | દા.ત. તેમનું કહેવું સાચું ન પડે. |
| વિધાન / નિવેદન-વાક્ય **(Statement)**: | દા.ત. નર્મદ સુધારાવાદી હતો. |
| પ્રશ્ન-વાક્ય**( Question)**: | દા.ત. શું નર્મદ સુધારાવાદી હતો ? |
| ઉદગાર/ ઉદ્ગાર-વાક્ય **(Exclamation)**: | દા.ત. વાહ ! ચાંદની ખીલી છે ! |
| આજ્ઞા-વાક્ય **(Command)** : | દા.ત. આવતી કાલે બધા સમયસર આવી જજો. |

કર્તરિવાક્ય **(Active voice)** : જે વાક્યમાં કર્તાની સક્રિયતા જણાતી હોય તે કર્તરિવાક્ય કહેવાય છે.
દા.ત. હું ગીત ગાઉં છું.

કર્મણિવાક્ય **(Passive voice)**: જે વાક્યમાં કર્મની પ્રધાનતા હોય / મુખ્ય હોય – કર્તાને સ્થાને કર્મ હોય તેને કર્મણિવાક્ય કહે છે.
દા.ત. મારાથી ગીત ગવાય છે.

# શબ્દસૂચિ

**વ્યાકરણ (Grammar) – ભાષાના શુધ્ધ પ્રયોગો , નિયમો વગેરેનું શાસ્ત્ર**

**નામ (Noun) - વસ્તુની સંજ્ઞારૂપ શબ્દ.**

સર્વનામ **(Pronoun)-** નામને બદલે આવતો શબ્દ.

અવ્યય **(Indeclinable words)–** જેને જાત , વચન કે વિભક્તિના પ્રત્યય ન લાગે તેવો શબ્દ.

વિશેષણ (**Adjectives) -** નામનો ગુણ કે સંખ્યા બતાવનાર શબ્દ.

ક્રિયાપદ (**Verb) -** ક્રિયા બતાવનારું પદ.

મૂળ રૂપ / ધાતુ (**Root of verb) –** ક્રિયાપદનું મૂળરૂપ.

સહાયકારક/કારી ક્રિયાપદ (**Auxiliary verb) -** સહાયમાં વપરાતું / ગૌણ ક્રિયાપદ.

ક્રિયાવિશેષણ (**Adverb) –** ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ.

વચન (**Singular / Plural) –** સંખ્યા.

પુરુષવાચક (**First ,second or third person) –** પહેલો , બીજો અને ત્રીજો પુરુષ - બોલનાર, સાંભળનાર કે તે સિવાયની વ્યક્તિ બતાવનાર.

**પ્રત્યય (Suffix) – શબ્દને અંતે લગાડવામાં આવે છે તે રૂપો કે સાધિત શબ્દો.**

**વિભક્તિ (Case) – નામનો ક્રિયા સાથે સંબંધ દેખાડનાર શબ્દને અંતે લગાડાતો પ્રત્યય દા,.ત.ચાલીશ, લખીશું, વાંચશે.**